# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રીટા દવે વાંચે છે.**

***************************************************

**1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેવાને જીવનનો મુખ્ય હેતુ બનાવવા સેવાયાત્રીઓને અનુરોધ કર્યો.**

**2) ભારતીય રેલવેએ વડોદરાના અલકાપુરી ખાતે ચાર-માર્ગીય રોડ ઓવર બ્રિજને મંજૂરી આપી.**

**3) રાષ્ટ્રીય તબીબી વિજ્ઞાન પરીક્ષા મંડળે NEET PG-2026નું પરિણામ જાહેર કર્યું.**

**4) રાજ્યમાં હજુ વરસાદની 8 ટકા ઘટ- આગામી સાત દિવસ સામાન્ય વરસાદની આગાહી.**

**5) એશિયન ગેમ્સમાં રાજ્યના ટેબલટેનિસ ખેલાડી માનુષ શાહે જીત સાથે પોતાનું અભિયાન શરૂ કર્યું.**

---------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV. DAY PM - SEVA YATRA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેવાને જીવનનો મુખ્ય હેતુ બનાવવા અનુરોધ કરતાં જણાવ્યું દરેક વ્યક્તિમાં સેવાભાવ સહજ હોવો જોઈએ. તેમણે કહ્યું કે રાજકારણમાં ભલે કોઈ વ્યક્તિ ઉચ્ચતમ પદ પર પહોંચે પણ, સેવા એ માર્ગદર્શક સિદ્ધાંત રહેવો જોઈએ. શ્રી મોદીએ વડનગરથી વારાણસી સુધીની યાત્રાના સેવા યાત્રીઓ સાથે વર્ચ્યુઅલ વાતચીત દરમિયાન આ વાત જણાવી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'સેવા પરમો ધર્મ' સેવા એ સર્વોચ્ચ ફરજ છે જે માર્ગદર્શક સિદ્ધાંત રહેવો જોઈએ.**

## (BYTE : PM--GUJRAT-TO-DELHI)

*ગુજરાત સે લેકર દિલ્હી તક સેવા કા ભાવ સદા હી હમારી શાસન વ્યવસ્થા, હમારે સંસ્કારો કા મૂલ રહા હૈ. ઔર જબ શાસન કે મૂલ મેં સેવા કા ભાવ હોતા હૈ, તો હર નીતિ કે કેન્દ્ર મેં નાગરિક દેવો ભવ કા સંકલ્પ હોતા હૈ. બિના ડાયલ્યુશન, બિના ડાયવર્ઝન ચીજે પહુંચતી હૈ. ક્યોં? સેવા હી સબસે બડા ડ્રાઇવિંગ ફ્રોર્સ હૈ.*

**શ્રી મોદીએ કહ્યું કે, 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવામાં યુવાનોની મુખ્ય ભૂમિકાને દરેક વ્યક્તિએ જોરશોરથી આગળ વધારવી જોઈએ. વાતચીત દરમિયાન, સેવા યાત્રીઓએ પ્રધાનમંત્રી સમક્ષ પોતાના અનુભવો રજૂ કર્યા.**

# RAILWAYS - BRIDGE PROJECT

ભારતીય રેલવેએ વડોદરાના અલકાપુરી ખાતે ચાર-માર્ગીય રોડ ઓવર બ્રિજના નિર્માણને મંજૂરી આપી છે. રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરિયોજનાનો ખર્ચ 166 કરોડ રૂપિયાથી વધુ છે અને આ ખર્ચ રેલવે અને રાજ્ય સરકાર વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ રોડ ઓવર બ્રિજ રેલવે સંચાલનમાં ખલેલ પહોંચાડ્યા વિના વધુ અસરકારક ક્રોસિંગ સુવિધા પૂરી પાડશે. તેણે ઉમેર્યું હતું કે આ પરિયોજના વડોદરા રેલવે સ્ટેશનની આસપાસ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે અને સાથે સાથે વધુ અસરકારક ક્રોસિંગ વ્યવસ્થા પણ પૂરી પાડશે. ROB વડોદરા રેલ્વે સ્ટેશન, GSRTC બસ સ્ટેશન અને બુલેટ ટ્રેન સ્ટેશનને મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પણ પૂરી પાડશે.

# NEET PG-RESULT

રાષ્ટ્રીય તબીબી વિજ્ઞાન પરીક્ષા મંડળ-NBEMS એ આજે તેની સત્તાવાર વેબસાઇટ પર NEET PG-2026 નું પરિણામ જાહેર કર્યું છે. 2026-27 પ્રવેશ સત્રના વિવિધ સીધા છ વર્ષના MD/MS/DNB/DrNB અભ્યાસક્રમો અને PG મેડિકલ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશભરમાં 30 ઓગસ્ટના રોજ પરીક્ષા લેવાઇ હતી. NBEMS અનુસાર, કુલ બે લાખ 65 હજાર 960 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. NBEMS એ જણાવ્યું હતું કે ઉમેદવારો પહેલી ઓક્ટોબરથી સત્તાવાર વેબસાઇટ પરથી તેમના વ્યક્તિગત ગુણ પત્રક ડાઉનલોડ કરી શકશે. તેણે એ પણ માહિતી આપી છે કે આન્સર કી આવતા મહિનાની પહેલી તારીખે NBEMS વેબસાઇટ પર પ્રકાશિત થવાની અપેક્ષા છે.

# SLBC BANK STRIKE

બેન્કની સંભવિત હડતાળને પગલે ગુજરાત રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિએ ગ્રાહકોને બેન્કીંગ સેવાઓ માટે ડિજિટલ માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. સમિતિ દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેર સૂચનામાં તમામ મહત્વપૂર્ણ બેન્કિંગ કે ચેક ક્લિયરિંગ સંબંધિત કામકાજ 25 સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી લેવા, આગામી દિવસોની રોકડ જરૂરિયાતનું અગાઉથી આયોજન કરવા અને જરૂર મુજબ ATM અથવા કેશ રિસાયકલર મશીનનો ઉપયોગ કરવા જણાવાયું છે. સંભવિત હડતાળના કારણે તારીખ 28 થી 30 સપ્ટેમ્બર દરમિયાન બેન્કિંગ સેવાઓ પ્રભાવિત થવાની શક્યતા છે.

# NEW LABOUR LAW AWARENESS

શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે નવા શ્રમ કાયદાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, વર્ષો જૂના જટિલ કાયદાઓને સંકલિત કરી તૈયાર કરાયેલા ચાર નવા શ્રમ કાયદાઓ ઉદ્યોગપતિઓ અને શ્રમયોગીઓ બંને માટે હિતકારી સાબિત થશે. તેમણે ઉમેર્યું કે ઉદ્યોગો અને શ્રમિકો વચ્ચેનો પરસ્પર વિશ્વાસ તેમજ સહયોગ એ રાજ્યના ઔદ્યોગિક વિકાસનો પાયો છે.

આ ઉપરાંત શ્રી બાવળીયાએ રાજકોટના શિવરાજપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં હાજરી આપી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભો એનાયત કર્યા.

# PM-MKSSY -VERAVAL

ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ ખાતે પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના- PM-MKSSYનું ઓનલાઇન નિદર્શન યોજાયું. મત્સ્ય ક્ષેત્રના લાભાર્થીઓ સુધી આ યોજનાની માહિતી પહોંચાડવા તથા તેમને યોજનાના વિવિધ લાભો મેળવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાના હેતુ સાથે આ કાર્યક્રમ યોજાયો. જેમાં 100થી વધુ લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMBAJI HOSPITAL SEWA

**અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળામાં લાખો પદયાત્રી અને માઇ ભક્તોનો અવિરત પ્રવાહ ઉમટી રહ્યો છે. ત્યારે મેળામાં આદ્યશકિત જનરલ હોસ્પિટલ દ્વારા અવિરત સેવાઓ પણ અપાઈ રહી છે. મેળામાં અત્યાર સુધી 350 જેટલા દર્દીઓને ઇમરજન્સી સારવાર અપાઈ છે. હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ વાય.કે.મકવાણાએ જણાવ્યું કે કોઈપણ પ્રકારની તબીબી કટોકટીને પહોંચી વળવા હોસ્પિટલ તંત્ર સજ્જ છે.**

**(BYTE: Y.K. MAKWANA, SUPERINTENDENT)**

*અત્યાર સુધી ૩૫૦ જેટલા ઈમરજન્સી કેસીસ અહિયાં હોસ્પિટલ ખાતે લાવ્યા હતા, જેમાંથી ૪૪ જેટલા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા અને ૧૮થી વધુ દર્દીઓને રિફર કરવામાં આવ્યા હતા અને એમએલસી કેસ પણ ૧૫ જેટલા નોંધાયેલા છે. જો આની અંદર છાતીનો દુખાવો, ગભરામણું, શ્વાસ લેવું, ખેંચ, પેટમાં દુખાવો તેમજ અન્ય બિમારી સાથેના દર્દીઓ આવ્યા હતા.*

# SEVA SANKALP ABHIYAAN -DIST.

રાજ્યભરમાં ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઘુમા ગામ તળાવ પાસે સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું. સ્વચ્છતા અભિયાન બાદ મુખ્યમંત્રીએ સ્વચ્છતાકર્મીઓ સાથે સંવાદ સાધ્યો તેમજ ઘુમાની પ્રાથમિક શાળામાં બાળકોનાં ચિત્રોનું પ્રદર્શન નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

ગાંધીનગરમાં આ અભિયાન અંતર્ગત 'મેગા બાઇક રેલી' યોજાઈ. જેમાં 500થી વધુ બાઇકર્સે માર્ગ સુરક્ષાનો સંદેશ આપ્યો. રોડ સેફટી કમિશનર સતીશ પટેલે આ પ્રસંગે લોકોને જવાબદાર વાહનચાલક અને સલામત રહેવાનો સંદેશ આપ્યો.

(BYTE : SATISH PATEL- ROAD SAFETY COMMI.)

*આ કાર્યક્રમનું મેઇન આશય જણાવ્યા એ પ્રમાણે સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી બાબતે એક જાગૃતિ ઊભી થાય અને તે થકી આપણા અકસ્માતો ઘટે એ બહુ જ જરૂરી છે કારણ કે આપણે જાણીએ છીએ કે અકસ્માતોથી થતું નુકસાન એ ભરપાઈ ન થઈ શકે તેવું છે.*

બોટાદ, વલસાડ તેમજ અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આ અભિયાનના ભાગરૂપે બાઈક રેલીનું આયોજન કરાયું.

બીજી તરફ સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને દુધરેજ સબ સ્ટેશન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ અને ઉર્જા વનનું લોકાર્પણ કરાયું.

તો પંચમહાલ જિલ્લામાં યોજાયેલા મેગા મેડિકલ કેમ્પમાં 12 હજારથી વધુ લાભાર્થીઓની તબીબી તપાસ કરાઇ. જ્યારે સાબરકાંઠાના જિલ્લા માહિતી કચેરી દ્વારા વકતાપુરના રોકડિયા હનુમાન મંદિર પરિસરમાં સ્વચ્છતા અને વૃક્ષારોપણ સાથે શ્રમદાન કરાયું.

# CHHOTAUDEPUR PNG

છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમવાર પાઇપલાઇન દ્વારા ગેસ પુરવઠો-PNG આપવા માટેના પ્રોજેક્ટનું આજે ખાતમુહૂર્ત કરાયું. આ અંગે માહિતી આપતા જિલ્લા કલેકટર ગાર્ગી જૈને જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં આગામી નવેમ્બર માસ સુધીમાં 5 હજાર 300 ઘરોને ગેસનું પાઇપ દ્વારા જોડાણ અપાશે. આ ઉપરાંત શહેરમાં વાહનચાલકોની સુવિધા માટે એક CNG સ્ટેશન પણ વિકસાવવામાં આવી રહ્યું છે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 138મી કડી હશે જે આકાશવાણી અને દૂરદર્શન, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને Newsonair મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત થશે. તેનું જીવંત પ્રસારણ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરશે.

# WEATHER FC

**રાજ્યમાં હજુ વરસાદની ૪ ટકા ઘટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી સાત દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કચ્છના કેટલાક ભાગો અને ઉતર ગુજરાતના અમુક ભાગોમાંથી ચોમાસાએ વિદાય લીધી હોવાનું અનુમાન વ્યક્ત કર્યું.**

**(BYTE : RAMASHRAY YADAV, SCIENTIST)**

*ગુજરાત રીજન મે આનેવાલે સાત દિનો કે લિયે લાઈટ ટુ મોડરેટ રેન કા પૂર્વાનુમાન હૈ ઓર સૌરાષ્ટ્ર ઓર કચ્છ રીજન મેં આનેવાલે  દો દિનો કે લિયે લાઈટ ટુ મોડરેટ રેન કા પૂર્વાનુમાન હૈ, ઉસકે બાદ ડ્રાય વેધર પ્રિવેલ કરેગા સૌરાષ્ટ્ર ઔર કચ્છ રીજન મેં ઔર જો વિંડ ગુજરાત કે લેન્ડ રીજન પે પ્રિવેલ કર રહી હૈ જો વિંડ કે ડાયરેક્શન હૈ વો વેસ્ટર્લી ટુ નોર્થ વેસ્ટર્લી વિંડ પ્રિવેલ કર રહી હૈ. અમદાવાદ કે લિયે આજ પાર્ટલી ક્લાઉડી સ્કાય રહેગા*

# ASIAN GAMES MANUSH SHAH

જાપાનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં રાજ્યના ટેબલટેનિસ ખેલાડી માનુષ શાહે જીત સાથે પોતાનું અભિયાન શરૂ કર્યું છે. માનુષે પુરુષ એકલની શરૂઆતની મેચમાં મલેશિયાના વોંગ ક્યૂ શેનને સીધી ચાર ગેમમાં 4-0થી હરાવ્યો. માનુષે આ મેચ 11-9, 14-12, 11-7, 11-4થી પોતાના નામે કરી.

બીજી તરફ, તરણ સ્પર્ધામાં અમદાવાદના આર્યન નેહરા પુરુષ 800 મીટર ફ્રીસ્ટાઇલની ફાઇનલ બીમાં 8 મિનિટ 2.52 સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યા.